આસારામનો પુત્ર નારાયણ સાંઈ આખરે ભાગેડુ જાહેર

નારાયણ સાંઈ ક્યાં છે તે મામલે પોલીસને હજુ પણ ભાળ મળી રહી નથી : ૨૯મી ઓક્ટોબરે વોરંટ જારી કરાયું હતું

સુરત, તા.૧૧

સુરતની સેશન કોર્ટે આસારામ બાપુના પુત્ર નારાયણસાંઈને આજે ભાગેડુ જાહેર કર્યા હતા. કોર્ટે સુરત પોલીસની અરજી બાદ આ અંગેનો નિર્ણયકર્યો હતો. સુરત પોલીસ નારાયણ સાંઈને આવરી લેતા બળાત્કારના કેસમાં તપાસ કરી રહી છે. ૨૯મી ઓક્ટોબરના દિવસે સુરતમાં સ્થાનિક અદાલતે નારાયણ સાંઈ સામે આ કેસના સંબંધમાં બિનજામીન પાત્ર વોરંટ જારી કર્યુંહતું.

આસારામનો પુત્ર બળાત્કારની ફરીયાદ થયા બાદથી હજુ ફરાર થયેલો છે અને તેની કોઈપણ ભાળ મળી રહી નથી. તેને શોધી કાઢવાના તમામ પ્રયાસ કરાઈ રહ્યા છે. દેશમાં જુદી-જુદી જગ્યાઓએ આસારામના આશ્રમમાં પણ તપાસ ચાલી રહી છે. પરંતુ તેની કોઈપણ ભાળ મળી રહી નથી. સુરતમાં તેની સામે બળાત્કારની ફરીયાદ દાખલ થયા બાદથી જ નારાયણ સાંઈ ફરાર થયેલો છે.

છઠ્ઠી ઓક્ટોબરના દિવસે સુરતમાં તેની સામે ફરીયાદ દાખલ થઈ હતી. સુરત પોલીસે બે બહેનો દ્વારા દાખલ કરાયેલી ફરીયાદ બાદ કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. બે બહેનોપૈકી એકે આસારામ સામે અને અન્ય બહેને તેમના પુત્ર નારાયણ સાંઈ સામે બળાત્કાર, જાતીય શોષણ અને ગેરકાયદે રીતે બાનમાં પકડી રાખવાના આક્ષેપ કરીને ફરીયાદો કરી હતી. સાંઈ કાયદા સાથે રમત રમી રહ્યોછે. તપાસ અધિકારીઓને નારાયણ સાંઈ અંગે હજુ કોઈ ભાળ મળી રહી નથી. બે બહેનો પૈકીની મોટી બહેને પોતાની ફરીયાદમાં કહ્યું હતું કે, ૧૯૯૭-૨૦૦૬ વચ્ચેના ગાળામાં આસારામે તેના પર દુષ્કર્મ ગુજાર્યો હતો. આ ગાળા દરમિયાન તે અમદાવાદના પરા વિસ્તારમાં આવેલા તેમના આશ્રમમાં તે રહેતી હતી. બીજી બાજુ નાની બહેને સાંઈ સામે ફરીયાદ કરીને આક્ષેપ કર્યો હતો કે, ૨૦૦૨ અને ૨૦૦૫ વચ્ચેના ગાળામાં તેના પર વારંવાર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો તે વખતે તે સુરત આશ્રમમાં રહેતી હતી. સાંઈને પકડી પાડવા ઊંડી તપાસ ચાલી રહી છે.

લાંભા તથા વટા વોર્ડમાં નવા સુઅરેજ નેટવર્ક નાંખવામાં આવશે

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનના લાંભા તથા વટા વોર્ડમાં ૧૪ વર્ષ પહેલા સીઅરેજ નેટવર્ક નાંખવામાં આવ્યા હતા જેમાં હાલમાં ટીપી રસ્તાઓ ઉપર વર્ટીકલ ડેવલોપમેન્ટ થવાથી આશરે ૭૦૦૦થી વધુ ફ્લેટ બનાવેલા છે તેમજ નવી ફ્લેટોની સ્કીમોના કામ પણ ચાલુ હોવાથી ૧૪ વર્ષ અગાઉ નાંખેલ લાઈનો પ્રાઈવેટ ફાઈનલ પ્લોટમાં આવી ગઈ છે જેના લીધે પીકઅવર્સ દરમ્યાન બેકીંગ રહે છે તેમજ ખુલ્લા પ્લોટોમાં ગંદુ પાણી ઉભરાય જાય છે. ભવિષ્યમાં આવી સ્થિતિ વધુ ન સર્જાય તે માટે હાલમાં લાઈનની સાઈઝ મોટી કરીને નાંખવાની જરૂર છે તેમજ ફાઈનલ પ્લોટમાં આવી ગયેલ લાઈનને શીફ્ટ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આશરે ચાર કરોડની મંજુરી મળેલ છે.

સંગીત, સાહિત્ય અને કલા 'રાજ્ય પુરસ્કૃત' હોવા જોઈએ : નરેન્દ્ર મોદી

હિન્દુસ્તાનની શાસ્ત્રીય સંગીતના પાંચ સુપ્રસિદ્ધ ગાયકોનું સન્માન

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે ગુજરાત સરકારના બે પ્રતિષ્ઠિત એવોર્ડ-તાના રીરી સંગીત સમ્માન અને પંડિત ઓમકારનાથ સંગીત સમ્માનના ગૌરવવંતા પુરસ્કારોથી આજે ભારતીય શાસ્ત્રીય સંગીતના સુપ્રસિધ્ધ આજીવન ગાયકોને વિભૂષિત કર્યા હતા.

ગુજરાત સરકારે હિન્દુસ્તાની સંગીતના સને ૨૦૧૨ અને સને ૨૦૧૩ ના બે વર્ષના બંને એવોર્ડ એનાયત કરવાનો આ ગરિમાપૂર્ણ સમારોહ આજે સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-૧ ના ગિરનાર સભાકક્ષમાં સંપન્ન થયો હતો.

તાના રીરી સન્માન પુરસ્કાર સને ૨૦૧૨ના વર્ષનો સુશ્રી કિશોરી આમોનકર અને ૨૦૧૩નો એવોર્ડ સુશ્રી બેગમ પરવીન સુલ્તાનાને એનાયત કરવામાં આવ્યો હતો. જ્યારે પંડિત ઓમકારનાથ સંગીત સન્માન ૨૦૧૨ના વર્ષમાં પંડિત જશરાજ અને સને ૨૦૧૩ના વર્ષમાં પંડિત રાજન અને સાજન મિશ્રાને આપવામાં આવ્યા હતા.

આ સન્માન એવોર્ડ અન્વયે તામ્રપત્ર સન્માનપત્ર, શાલ અને રૂા. પાંચ લાખના પુરસ્કારથી મુખ્યમંત્રીશ્રીએ પાંચેય ગાયકોને વિભૂષિત કર્યા હતા.

સન્માનિત ગાયકોની સાધનાની પ્રશંસા કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાત સરકાર સંગીત, કલા અને સાહિત્યની સાધનાની યાત્રાને "રાજ્ય પુરસ્કૃત"કરવા પ્રતિબધ્ધ છે. સમગ્ર વિશ્વમાં હિન્દુસ્તાની શાસ્ત્રીય ગીત સંગીતની અણમોલ વિરાસત છે પરંતુ દુનિયાને આ વૈભવની ઓળખ આપણે કરાવી શકયા નથી. પશ્ચિમનું સંગીત શરીરને ડોલાવી શકે પરંતુ ભારતનું સંગીત મનને પ્રભાવિત કરે છે. હિન્દુસ્તાની સંગીતમાં હરેક કલાકના સૂર- સ્વર અને લય-તાલનો અદભૂત સમન્વય થયો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે સંગીત, કલા અને સાહિત્ય ક્યારેય રાજયાશ્રિત હોઈ શકે નહીં. તેને કોઈ સમયના બંધન પણ નડતા નથી. હિન્દુસ્તાની સંગીતની ધરોહરને સદીઓથી શકિત મળી રહી છે અને અનેક "ઘરાનોંએ તેનું સંવર્ધન કરવાની સાધના અપનાવેલી છે.

વડનગરમાં તાના રીરીની સંગીત સાધનાની જન્મ કર્મભૂમિની ગૌરવપૂર્ણ નગરીમાં પોતાનો જન્મ થયો હતો તેનો ભાવસભર ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારે સંગીત સાધનાના તપસ્વીઓને ગૌરવાન્વિત કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રારંભમાં યુવક સેવા સાંસ્કૃતિક મંત્રીશ્રી રમણલાલ વોરાએ બંને ગૌરવશાળી એવોર્ડની રૂપરેખા આપી આમંત્રિતો અને સન્માનિત ગાયકોનું અભિવાદન કર્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીઓ સર્વશ્રી નીતિનભાઈ પટેલ અને ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા રાજયમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી અને ગુજરાતના સંગીત ક્ષેત્રના પદાધિકારી આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહાએ સન્માનપત્રનું પઠન કર્યું હતું.

મૌલાના અબુલ કલામ આઝાદને જન્મદિન નિમિત્તે શ્રધ્ધાજંલિ અપાઈ

અમદાવાદ, તા.૧૧

મૌલાના અબુલ કલામ આઝાદના જન્મદિન નિમિત્તે સોમવારના રોજ શહેરના મુસ્લિમ અગ્રણીઓની બેઠક મળી હતી. જેમાં વિવિધ અગ્રણીઓ દ્વારા સ્વ. મૌલાના અબુલ કલામ આઝાદને સાચા રાષ્ટ્રવાદી અને દેશભક્ત તરીકે શ્રધ્ધાજંલિ પાઠવવામાં આવી હતી.

જેમાં મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષના નેતા બદરૂદ્દીન શેખે આઈઆઈએમ ખાતેના નવરચિત બ્રીજને સ્વ. મૌલાના અબુલ કલામ આઝાદ બ્રીજનું નામાભિધાન કરવાની માંગણી કરી હતી તેમજ જન્મદિન નિમિત્તે ગંજ શહીદ કબ્રસ્તાન ખાતે કુઆન ખ્વાનીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

અમદાવાદ ખાતે આવેલ સાબરમતી સેન્ટ્રલ જેલમાં નવા કોર્સની શરૂઆત કરવામાં આવી છે.

વેકેશનમાં શાળા ચાલુ પરંતુ વિદ્યાર્થી-શિક્ષક હાજર નથી

નબળી શાળાઓનું પરીણામ સુધારવાની બોર્ડની ઈચ્છા અધુરી રહી જાય તેવી સ્થિતિ : અનેક શિક્ષકો વતન ગયા

અમદાવાદ, તા.૧૧

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા નબળુ પરીણામ ધરાવતી શાળાઓને દિવાળી વેકેશનમાં ચાલુ રાખવાની જાહેરાત કરાઈ હતી. જે અંતર્ગત ૭ નવેમ્બરથી નબળુ પરીણામ ધરાવતી રાજ્યની તમામ શાળાઓ ચાલુ કરી દેવામાં આવી છે. પરંતુ શાળાના શિક્ષકો રજાઓ લઈને વતન જતા રહ્યા હોવાથી શાળાઓ માત્ર નામની જ ચાલુ છે. જ્યારે મોટાભાગની જગ્યાએ શાળામાં વિદ્યાર્થીની હાજરી પણ નજીવી રહેતા બોર્ડના સમગ્ર આયોજનનો ફિયાસ્કો થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં ૩૦ ટકાથી ઓછું પરીણામ ધરાવતી શાળાઓની સંખ્યા નોંધપાત્ર હતી. જેના કારણે આવી શાળાઓનું પરીણામ સુધારવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા દિવાળીના વેકેશનમાં પણ આ શાળાઓ ચાલુ રાખવા માટે જાહેરાત કરવામાં આવી હતી જે અંતર્ગત દિવાળીના તહેવારો પૂર્ણ થતા જ ૭ નવેમ્બરથી આવી શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ શાળાના શિક્ષકો પહેલાથી જ રજાઓ નોંધાવીને ફરવા નીકળી ગયા છે. જેથી શાળાઓ ખુલ્લી રાખવા છતાં શૈક્ષણિક કાર્ય કઈ રીતે શરૂ કરવું તે અંગે દ્વિધા પ્રવર્તી રહી છે. બીજી બાજુ વિદ્યાર્થીઓ પણ દિવાળી વેકેશનના મુડમાં છે. જેના કારણે વિદ્યાર્થીઓ પણ શાળામાં આવવાનું ટાળી રહ્યા છે. મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાખી હાજરી જ નોંધાઈ છે.

પરીણામે દિવાળીના વેકેશનમાં નબળી શાળાઓના વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ આપી રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાની બોર્ડની આખી યોજના જ પાણીમાં જાય તેવી સ્થિતિ અત્યારે જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ધોરણ-૧ થી ૧૨ની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તારીખ ૧ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી સત્તાવાર દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે પરંતુ બોર્ડની પરીક્ષામાં નબળુ પરીણામ ધરાવતી શાળાઓને ખુલી રાખી પરીણામ સુધારવા બોર્ડે યોજના બનાવી હતી.

શબ્દાવલી - ૫૨૨૪



આડી ચાવી

૧. રીબાવવું (૫)
૪. ખારૂં ખારૂં... જેવું (૨)
૬. વાળની સેર (૨)
૭. સરસ (૩)
૮. કસરત, પરેડ (૪)
૯. લાઈન, કતાર (૪)
૧૧. ઝરણુ, પ્રવાહ (૪)
૧૨. માનતા, આખડી (૨)
૧૪. વજન (૨)
૧૫. માલ્ય, બહારનું વિરોધી (૩)
૧૬. રસોઈની વિવિધતા (૩)
૧૭. રીંગણનું ભરતુ (૨)
૧૮. જીણો તાવ (૪)

ઊભી ચાવી

૧. ચોરી, ઉઠાંતરી (૪)
૨. પાલના કરનાર (૫)
૩. મોભો (૨)
૪. ઉગવું તે, ... થવો (૨)
૫. હોડ બકવી, ... મારવી (૩)
૭. મૃત વ્યક્તિ પાછળ ત્રીજે દિવસે કરાવાતી વિધિ (૩)
૮. આવક (૩)
૧૦. મોકલવું તે (૪)
૧૧. વત્તાકાર, ઉમેરવું (૪)
૧૨. ઓછું કરવું, ... કરવું (૨)
૧૩. તીક્ષ્ણ ધારવાળુ (૪)
૧૫. અન્ન-જળ (૩)

શબ્દાવલી પ૨૨૩ના જવાબ

આડી ચાવી :- (૧) વિદાય (૩) ધાક (૬) તીડીમાર (૮) દાડમડી (૧૦) વસાણુ (૧૧) ટીકીટ (૧૨) વાણુ (૧૩) ખાર (૧૫) દાદાગીરી (૧૮) દમન (૨૦) ચકચાર (૨૧) તારવણી

ઊભી ચાવી :- (૧) વિપદા (૨) યતીમ (૩) ધામ (૪) કરવટ (૫) ચવાણુ (૭) ડીડીટી (૯) ડફણુ (૧૨) વાગદત્તા (૧૪) રબારણ (૧૫) દાનવ (૧૬) ગીચ (૧૭) રીબકે (૧૯) મર

મહંત દિલીપદાસ તાજીયા જુલુસનું હવે સ્વાગત કરશે

અમદાવાદ, તા.૧૧

તાજીયા કમિટીના અગ્રણીઓ જે.વી. મોમીન તથા ચુન્ના માસ્તર જણાવે છે કે ઈસ્લામ ધર્મના મહાન પૈગમ્બર હજરત મોહમ્મદ (સ.અ.)નો દોહીત્ર (નવાસા) હજરત ઈમામહુસેન તથા તેમના ૭૨ સાથીઓએ માનવતાના મુલ્યો તથા શાશ્વત મુલ્યોને બચાવવા તેમણે વહોરેલી ભવ્ય શહાદતની યાદમાં યવમે આશુરા તથા તાજીયાના જુલુસ ચાંદ કમિટીના નિર્ણય અનુસાર તા. ૧૪મીના રોજ રાત્રે કતલની રાત તથા ૧૫મીએ શુક્રવારના રોજ યોમેઆશુરા અને તાજીયાના જુલુસ નિકળશે.

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શીવાનંદ ઝા તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે તાજીયા જુલુસ બાબતે ચર્ચા વિચારણા કરી હતી. કાયદા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી આ વર્ષના તાજીયાના જુલુસમાં ૯૩ તાજીયા, ૩૨ અખાડા, ૭૮ ઢોલ તાસા પાર્ટીઓ, ૧૨ ટ્રક, ૧૬ ઉંટ ગાડી, ૧૪ નિશાન પાર્ટી, ૧૦ માતમી દસ્તાઓની પરવાનગી આપેલ છે. આ જુલુસ પરંપરાગત રીતે વર્ષોથી નિકળતા રૂટની જ પરવાનગી આપવામાં આવી છે. એટલે કે મધ્યઝોનમાં આવેલ ભદ્ર પ્લાઝાવાળા માર્ગથી થઈ ભદ્ર કાળી મંદિર થઈ ટેલીગ્રાફ ઓફીસ પાસેથી જુના એડવાન્સ સિનેમા થઈ વીજળી ઘર પાસે શહેરના બીજા જુલુસોને મળશે. મન્નતના તાજીયાવાળા ભાઈઓને વિનંતી કે તેઓ ૪ ફુટથી નાના તાજીયા બનાવે તેમજ સવારે વહેલા નિકળી બપોરના ૧:૦૦ વાગ્યા પહેલા તેમના તાજીયાની વિધી સંપૂર્ણ કરે. તાજીયાના મુખ્ય જુલુસમાં જોડાવવા માટે પ્રયત્ન ન કરે તેવી વિનંતી.

કાપડની મીલમાં આગ ફાટી નીકળતા ભારે નુકશાન

અમદાવાદ, તા.૧૧

શહેરના નારોલ-ઈસનપુર ચોકડી પાસેની મટન ગલીમાં આવેલ એક કાપડની મીલમાં અચાનક આગ ફાટી નીકળતાં નાસભાગ મચી જવા પામી હતી. આગમાં કોઈપણ પ્રકારની જાનમાલની હાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે પરંતુ મીલમાં રહેલ મોટી માત્રામાં કાપડ બળીને ખાક થઈ ગયું હતું.

મળતી વિગત અનુસાર, નારોલ વિસ્તારમાં આવેલ ચિરાગ સિનેથેટીક પ્રા.લી.માં આજે સવારે એકાએક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતાં જ બે ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચીને બે કલાકની ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

કોંગ્રેસ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમો યોજાશે

અમદાવાદ, તા.૧૧

નવા વર્ષના પ્રારંભ બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લાકક્ષાના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ, ભરતસિંહ સોલંકી, ડો. તુષારભાઈ ચૌધરી, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ, કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ સહિતના આગેવાનો વિવિધ જિલ્લામાં કોંગ્રેસ પક્ષના સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે.

વિજય વિશ્વાસ સ્નેહ મિલન સંમેલનનો આજે છેલ્લો દિન

કુલ છ લોકસભા ક્ષેત્રમાં આજે સ્નેહ મિલન સંમેલનને મોદી વિડીયો કોન્ફરન્સીંગ મારફતે કાર્યકરોને સંબોધશે

અમદાવાદ, તા.૧૧

ભાજપ પ્રદેશ મીડીયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે તા. ૯ નવેમ્બરથી શરૂ થયેલા લોકસભા દીઠ નૂતન વર્ષ સ્નેહ મિલન સંમેલનમાં આવતીકાલે ચોથા દિવસે તા. ૧૨ નવેમ્બરને મંગળવારના રોજ સૌરાષ્ટ્રના ૬ લોકસભા ક્ષેત્ર ખાતે યોજાનાર વિજય વિશ્વાસ સ્નેહ મિલન સંમેલનમાં ઉપસ્થિત કાર્યકર્તાઓને રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.

આવતીકાલે સૌરાષ્ટ્રની જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર અને સુરેન્દ્રનગર લોકસભા બેઠક એમ કુલ ૬ લોકસભા ક્ષેત્રોના મંડળથી જીલ્લા સ્તરના અગ્રણી કાર્યકર્તાઓના આ સ્નેહ મિલન સંમેલનમાં પ્રદેશ હોદ્દેદારો તેમજ જે તે જીલ્લાના પ્રભારી મંત્રી અને સંગઠનના જીલ્લાના પ્રભારી ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવશે. અત્રે ઉલ્લેખનીય છે કે નૂતન સ્નેહ મિલન સંમેલનને વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધવાના નૂતન અભિગમ દ્વારા સતત ચાર દિવસમાં ૨ ૬ લોકસભા ક્ષેત્રમાં મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવી.

ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો કેન્દ્ર સરકારમાં સમયસર રજુ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૧૧

ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર સમયસર કેન્દ્ર સરકારને મોકલી આપવા અને કેન્દ્રમાંથી મહત્તમ ફંડ ઉપલબ્ધ થાય તે પ્રકારના પ્રયાસો કરવા તમામ વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજ્ય સરકારને જુદી જુદી યોજનાઓ હેઠળ ફંડ રીલીઝ કરવામાં આવે છે. આ અંગે તાજેતરમાં જ એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં રાજ્યના નાણા વિભાગના અગ્ર સચિવ દ્વારા છેલ્લા ૩ નાણાંકીય વર્ષ દરમિયાન કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ રીલીઝ કરવામાંઆવી ગ્રાન્ટ સામે થયેલ ખર્ચ અને થયેલ ખર્ચ અન્વયે કેન્દ્ર સરકારને રજુ કરવામાંઆવેલ ગ્રાન્ટ વપરાશ પ્રમાણ પત્ર અંગેની વિગતો રજુ કરવામાં આવી હતી.

આ સમીક્ષા દરમ્યાન એવું ધ્યાન પર આવવા પામ્યું હતું કે કેટલાક વિભાગો દ્વારા ગ્રાન્ટ વપરાશ અંગેના પ્રમાણપત્રો સમયસર કેન્દ્ર સરકારને મોકલવામાંઆવતા નથી. સમયસર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર મોકલવામાં ન આવતાં કેન્દ્ર તરફથી મહત્તમ ફંડ મેળવી શકાતું નથી અને તેના કારણે રાજ્ય સરકાર પર આર્થીક ભારણ આવે છે. એટલુંજ નહી સમયસર ફંડ ન મળવાને કારણે યોજનાના અમલીકરણમાં પણ વિલંબની સ્થિતિ ઉભી થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજ્ય સરકારને જુદી જુદી યોજનાઓ હેઠળ ફંડ રીલીઝ કરવામાં આવે છે. આ ફંડ જે શરતો અને ધોરણોને આધીન રીલીઝ કરવામાં આવેછે તેપૈકી સમયસર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર મોકલી આપવા એ પણ એક શરત છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાલુ નાણાકીય વર્ષના અંત ભાગમાં આચારસંહીતા વિગેરે કારણોસર કોઈ કામગીરી હાથ ન ધરી શકાય તે સંજોગો જોતા ચાલુ નાણાંકીય વર્ષે આ તબક્કે જ કેન્દ્ર સરકાર દ્વારા મહત્તમ ફંડ ઉપલબ્ધ થાય તે પ્રકારની કાર્યવાહી કરવા અગ્ર સચિવે સૂચન કર્યુંહતું.

કેટલાક વિભાગો દ્વારા ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સમયસર કેન્દ્ર સરકારને રજુ કરવામાં આવતા ન હોવાની બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને સમયસર પ્રમાણપત્રો રજુ કરવા માટે તમામ વિભાગોને કડક તાકીદ કરીને કેન્દ્રમાંથી મહત્તમ ફંડ ઉપલબ્ધ થાય તે પ્રકારના પ્રયાસો કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

લગ્નની મોસમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છેલ્લા ઘણા સમયથી ઓછા ઓર્ડરથી મુંઝવણ અનુભવી રહેલા મંડપ ડેકોરેટર્સવાળા, રસોઈયા, બેન્ડવાજાની પાર્ટીઓ અને ગોરમહારાજ ખુબ વ્યસ્ત બની જશે. નવેમ્બર-ડિસેમ્બરની સીજન લગ્નો માટે ખુબ અનુકૂળ હોઈ ચાર-પાંચ મહિના પહેલા જ લગ્નવાડીઓ બુક થઈ ગઈ હતી. લગ્નવાડીઓ ઉપરાંત વિવિધ સમાજભવનના હોલ અને કોમન પ્લોટ્સમાં પણ લગ્નમંડપ બંધાશે. ૧૪મી ડિસેમ્બર સુધી લગ્ન મુહૂર્ત હોઈ સતત એક મહિનો શહેરમાં લગ્નો યોજાશે. ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ નવેમ્બરે ખુબ લગ્નો છે. આ ઉપરાંત ૨૭ થી ૨૯ નવેમ્બર અને ૬ થી ૧૪ ડિસેમ્બર દરમ્યાન ઘણા લગ્નો છે. ૧૪મી ડિસેમ્બરથી કમુરતા બેસે છે. તે પછી લગ્નો ઓછા થશે. જો કે ત્યારે એનઆરઆઈના લગ્નોની ધુમ રહેશે. ગાંધીનગરના માર્ગો પર લગ્નગીતો સાંભળવા મળએ તે દિવસો હવે દૂર નથી.

ગંદકીના મામલે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. આ ઉપરાંત રોજના કેટલા કન્ટેઈનરો ઉપડયા તેનો હિસાબ પણ માંગ્યો છે. એટલું જ નહિ આ નિષ્ફળતા માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માટે પણ સૂચવ્યું હોવાનું જાણવા મળેલ છે.

કોંગી કાઉન્સીલર શ્રી હસમુખ મકવાણા પહેલાં સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેને સફાઈના મુદે ઉગ્ર રજુઆતો કરી હતી. શ્રી મકવાણાએ આજે લખેલા પત્રમાં કોન્ટ્રાકટરો અને કોર્પોરેશનની મિલીભગત હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે સફાઈ વેરો ઉઘરાવ્યા પછી સફાઈ નહિ કરવાનું આ પાપ કયારેય માફ નહિ કરી શકાય.

શ્રી મકવાણાએ જણાવ્યું કે અધિકારીઓને રૂબરૂ મળ્યા પછી પણ સફાઈ માટે આંખ આડા કાન કરવા પાછળ શું કારણો છે તે સમજાતું નથી. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર માટે તંત્ર પહેલેથી જ ઓરમાયું વર્તન રાખી રહેલ છે. પરંતુ સે-૮ અને સે-૯માં પણ સફાઈ નહિ થતી હોવાનું જણાવ્યું છે.

દરમિયાન આજે કોર્પોરેશનમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી અને દરેક સેકટર વાર સફાઈનું સામુહિક અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે. આ નિર્ણય મુજબ સે-૭માં આજે સામુહિક સફાઈ બપોર બાદ શરૂ થશે તેમ જાણવા મળેલ છે.